For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in





(તસવીર : સતીષ જાદવ)

# ઉધના સ્ટેશન પર પોલીસનો લાઠીચાર્જ

**મુસાફરોની** બે કિલોમીટર જેટલી લાંબી લાઇન લાગ છે

**સબ** સલામતનો દાવો કરતું રેલવે તંત્ર સદંતર નિષ્ફળ

**ભીડમાં** એક યુવાન બેભાન થઇ ગયો

સુરતઃ સુરતના ઉધના રેલવે સ્ટેશન પર આજે સવારથી જ શ્રમજીવીઓનો કીડીયારું ઉભરાયું હતું. ગરીબ શ્રમજીવીઓ પોતાના માલસામાન અને નાના બાળકો સાથે કલાકોથી ટ્રેનની રાહ જોઈને ઉભા હતા. છતાં રેલવેના ઉચ્ચ

અનુસંધાન પાના ૫ પર

### પત્નીની અસ્થિ વિસર્જન કરવા માટે જઈ રહેલા પતિની વેદના

અભાજીત બિંદ નામના યુવક તેની 25 વર્ષીય સ્વર્ગવાસી પત્ની નીલમ દેવીની અસ્થિઓ લઈને પ્રયાગરાજ જવા માટે ગઈકાલ રાતથી વલખા મારી રહ્યો હતો. પત્નીના અવસાન બાદ તેની અંતિમ ઈચ્છા મુજબ ગંગામાં અસ્થિ વિસર્જન કરવા માટે પરિવાર સાથે નીકળેલા અભાજીતને ઉધના સ્ટેશન પરની ભીડને કારણે ટ્રેનમાં ચઢવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. રેલવે પોલીસની

અનુસંધાન પાના ૫ પર

### એનાઉન્સમેન્ટ માટે સ્પીકર પણ નથી!

ઉધના સ્ટેશન પર હજારોની મેદનીને સૂચના આપવા પૂરતા સ્પીકર સુદ્ધાં નથી. ટ્રેનના સમય કે પ્લેટફોર્મની માહિતીના અભાવે મુસાફરો દિશાહીન બન્યા છે. જીવના જોખમે ટ્રેનમાં ચઢવા માટે મચતી અરાજકતા ગમે ત્યારે મોટી હોનારત સર્જી શકે છે.

### બેરીકેડ તોડતા પોલીસે લાઠીચાર્જ કર્યો : DySP દીપક ગૌર

રેલ્વે DySP દીપક ગૌરે જણાવ્યું હતું કે રવિવારે મુસાફરોની સંખ્યા જાહેર કરાયેલી ટ્રેનોની સંખ્યા કરતાં વધી ગઈ હતી. લોકોને સલાહ આપવામાં આવી રહી છે કે વધારાની ખાસ ટ્રેનોની જાહેરાત થાય ત્યારે તેમને જાણ કરવામાં આવશે. ત્યાં સુધી, નાના બાળકો અને મહિલાઓ સાથે તડકામાં રાહ જોવાને બદલે, માહિતી મળતા જ સ્ટેશન પર આવવું જોઈએ. મુસાફરોએ અગાઉથી સ્ટેશન પર ન આવવું જોઈએ. ઉધનાથી જયનગર જતી અંત્યોદય એક્સપ્રેસ સવારે 8:35 વાગ્યે રવાના થાય તે પહેલાં, પરિસ્થિતિ અચાનક કાબુ બહાર થઈ

અનુસંધાન પાના ૫ પર

### કુલ 8 ટ્રેન ચાલવામાં આવી છે : રેલવે વડોદરા પીઆરઓ

રેલવે અધિકારી અનુભવ સક્સેના સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે આજે સવાર થી મુસાફરોની ભારે ભીડ ઉધના રેલવે સ્ટેશન જામી હતી. જેથી રેલવે તંત્ર દ્વારા સવાર થી રાત દરમિયાન કુલ 8 ટ્રેન ચાલવામાં આવી છે. જેમાં ટ્રેન નંબર 09061 જયનગર-ઉધના સ્પેશિયલ બપોરે 1.30 કલાકે, જ્યારે ટ્રેન નંબર 09067 મધુબની વિશેષ ટ્રેન સાંજે 5.30 કલાકે રવાના થઈ હતી, સવારે 7.10 કલાકે

અનુસંધાન પાના ૫ પર

સુરત-દિલ્હી વચ્ચે આંગડિયા મારફતે રાજકીય ફંડિંગના લાખોના વ્યવહારની આશંકા

# સુરતમાં રાજકીય હવાલાના નેટવર્કનો પર્દાફાશ કરતી પોલીસ

**રૂ. 1 કરોડના** વ્યવહારોના પુરાવા મળ્યા, AAPના ઓપરેટિવ્સ રડારમાં

**દિલ્હીના** હિમાંશુ પાહુજા અને સુરતના આકાશ મિશ્રા-અજય તિવારીની ત્રિપુટી દ્વારા ચાલતું સુનિયોજિત સિન્ડિકેટ

સુરતઃ આગામી સ્થાનિક સ્વરાજ ની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ગુજરાતનું રાજકારણ ગરમાયું છે, ત્યારે સુરત ક્રાઈમ બ્રાન્ચે એક ચોંકાવનારા હવાલા રેકેટનો પર્દાફાશ કર્યો છે. દિલ્હીથી સુરત સુધી ફેલાયેલા આ નેટવર્ક દ્વારા છેલ્લા 4 મહિનામાં રૂ. 1 કરોડથી વધુની રકમ આંગડિયા દ્વારા મોકલવામાં આવી હોવાની વિગતો મળી છે. સીસીટીવી ફૂટેજ અને દસ્તાવેજી પુરાવાઓના આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. હાલ પોલીસ હાલ આકાશ મિશ્રાની પૂછપરછ હાથધરી છે. હવાલા રેકેટમાં વધુ ૧૦ લોકોની સંડોવણી બહાર આવી છે.

ઉમરા પોલીસને આજે સવારે બાતમી મળી હતી કે, શહેરના રાજકીય માહોલને પ્રભાવિત કરવા માટે ગેરકાયદેસર મનીનો ઉપયોગ થઈ રહ્યો છે. બાતમી મળતા ઉમરા પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન પોલીસના હાથમાં એક મહત્વપૂર્ણ સીસીટીવી ફૂટેજ આવ્યું છે, જેમાં આંગડિયા પેઢીઓ મારફતે નાણાંની હેરાફેરી થતી સ્પષ્ટ દેખાય છે. પ્રાથમિક તપાસ મુજબ, આ નાણાં દિલ્હીથી સુરતના ચોક્કસ સેન્ટરો પર મોકલવામાં આવતા હતા. પોલીસ હવે આ સીસીટીવીમાં દેખાતા અન્ય શખ્સો અને આંગડિયા સંચાલકોની કડક પૂછપરછ કરી રહી છે, જેથી આ આખી ચેઈનનો પર્દાફાશ થઈ શકે છે.આ કૌભાંડમાં દિલ્હીના જનકપુરી વિસ્તારમાં રહેતો અને અગાઉ કોંગ્રેસમાં સક્રિય રહી ચૂકેલો હિમાંશુ પાહુજા હાલમાં AAP નેતા સુરેન્દ્ર ભારદ્વાજનો જમણો હાથ ગણાય છે. હિમાંશુ આ સિન્ડિકેટના મુખ્ય સેન્ડર(મોકલનાર) તરીકેની ભૂમિકા ભજવી રહ્યો છે. દિલ્હી હાઈકમાન્ડના સીધા નિર્દેશ હેઠળ, હિમાંશુ પાહુજા દર મહિને આંગડિયા પેઢીઓ મારફતે લાખો રૂપિયાનું ગુપ્ત ફંડ સુરત મોકલતો હોવાનું ખુલ્યું છે.દિલ્હીથી મોકલાતા આ નાણાં સુરતના પીપલોદ વિસ્તારમાં રહીને ઓપરેટ કરતા આકાશ મિશ્રા અને અજય તિવારી દ્વારા સ્વીકારવામાં આવતા હતા. નોંધનીય છે કે, આકાશ મિશ્રા પૂર્વ સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનનો અંગત સહાયક (PA) રહી ચૂક્યો છે, જે તેના આ નેટવર્કમાં ઊંડાણપૂર્વક સામેલ હોવાના પુરાવા આપે છે. આ બંને શખ્સો સુરતમાં 'ફાયનાન્સિયલ રિસીવર અને ડિસ્ટ્રીબ્યુટર' તરીકે કાર્યરત છે. ક્રાઈમ બ્રાન્ચે હાલ અજયની કડક પૂછપરછ કરતા કૌભાંડમાં વધુ ૧૦ લોકોની સંડોવણી હોવાનું બહાર આવ્યું છે.૧૦ લોકોમાં હવાલાના પૈસા આવ્યા બાદ શહેરમાં અલગ અલગ લોકોને પહોચાડવાનું અને ફંડ મેનેજમેન્ટનું કામ કરતા હોવાનું બહાર આવતા આગામી દિવસોમાં તેમની પણ પૂછપરછ કરાશે. દિલ્હીના હિમાંશુ પાહુજાને પણ ક્રાઈમ બ્રાન્ચ તેડું મોકલશે.

### આ વખતે ઉલટી ગંગા વહી, સુરતથી ચૂંટણી ફંડ જવાના બદલે આવ્યું

સામાન્ય સંજોગોમાં અત્યાર સુધીની રાજકીય સ્થિતિ એવી રહી છે કે કોઇ પણ ચૂંટણી આવે એટલે તમામ પક્ષના સંબંધિત આગેવાન સુરતમાં એક આંટો મારી જાય અને ચૂંટણી ફંડનું નક્કી કરી જાય છે. સૌરાષ્ટ્રમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં ધારાસભાની ચૂંટણી હોય કે અન્ય ચૂંટણી ફંડ સુરતમાંથી જાય એટલું જ નહીં પણ ઉમેદવાર પણ સુરતથી જ નક્કી થાય છે. એવી સ્થિતિમાં સુરતથી ફંડ જવાના બદલે આ કિસ્સામાં ઉલટી ગંગા વહી છે અને ફંડ દિલ્હીથી સુરત આવ્યું હોવાનું ખુલ્યું છે.

### ચૂંટણી અને પ્રચારમાં નાણાંનો દુરુપયોગ

સૂત્રોના જણાવ્યા અનુસાર, હવાલા મારફતે મેળવેલા આ લાખો રૂપિયાનો ઉપયોગ સુરતમાં સ્થાનિક સ્તરે AAPના પ્રચાર-પ્રસાર, ચૂંટણીલક્ષી ગુપ્ત ગતિવિધિઓ અને કાર્યકરોના નેટવર્કને આર્થિક રીતે મજબૂત કરવા માટે કરવામાં આવતો હતો. હિમાંશુ અને આકાશની આ જોડી ગુજરાતમાં પાર્ટીના ગેરકાયદેસર આર્થિક વ્યવસ્થાપન માટેની સૌથી મહત્વની કડી માનવામાં આવે છે.

### તપાસનો રેલો મોટા માથાઓ સુધી પહોંચશે

આ મામલે આઈટી (Income Tax) અને પોલીસ વિભાગ સક્રિય થયા છે. આધારભૂત સૂત્રોનું માનીએ તો, આકાશ મિશ્રા અને અજય તિવારી સાથે સીધા સંપર્કમાં રહેલા સુરતના અનેક સ્થાનિક નેતાઓને ટૂંક સમયમાં પૂછપરછ માટે તેડું મોકલવામાં આવી શકે છે. આ તપાસમાં અનેક મોટા નામો બહાર આવવાની શક્યતા છે, જેને પગલે રાજકીય વર્તુળોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### કાર્યાલય પર પોલીસ હેરાન કરતી હોવાનો વિડીયો પણ વાયરલ થયો હતો

ક્રાઈમ બ્રાન્ચને આખા હવાલાની ગંધ આવી જતા તેમની ટીમ વરાછા વિસ્તારમાં આવેલા આમ આદમી પાર્ટીના કાર્યાલય પર પહોંચી ગઈ હતી. જ્યાં આવતા જતા તમામની પોલીસ ગુપ્ત રીતે પૂછપરછ કરતા હોવાનું આમઆદમી પાર્ટીના હોદ્દેદારો જાણ થતા તેઓ કાર્યાલય માંથી પોલીસ પાસે દોડી આવ્યા હતા.જ્યાં તેઓએ પોલીસ તેમના કાર્યકર્તાઓને ધમકાવી રહી છે ડરાવી રહી હોવાના આક્ષેપ કરતો એક વિડીયો બનાવી વાયરલ થયો હતો.

# ભોરિયામાં અકસ્માતમાં એક જ પરિવારના ત્રણનાં મોત

**કાર** અને બાઇક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો

**રોષે** ભરાયેલા ટોળાનો કાર ચાલક પર હુમલો



(તસવીર : મેહુલ પટેલ, સલીમ દિવાન)

અનાવલ : અંબિકા તાલુકાના ભોરીયા ગામની સીમમાં રવિવારે સાંજે એક અત્યંત હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. પુરઝડપે આવતી એક કારે મોટરસાયકલને સામેથી જોરદાર ટક્કર મારતા, બાઇક પર સવાર એક જ પરિવારના ત્રણ સભ્યોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. જ્યારે 4 વર્ષનો માસૂમ બાળક ગંભીર રીતે ઘાયલ થયો છે.રોષે ભરાયેલ ટોળાએ કાર ચાલકને માર મારી લોહીલુહાણ કરી નાખ્યો.

પ્રાપ્ત માહિતી અનુસાર અંબિકા તાલુકાના સાંબા ગામના મેડિયા ફળિયામાં રહેતા આશિષભાઈ સતીશભાઈ પટેલ (ઉં.વ. 25) પોતાની પત્ની પારુલબેન (ઉં.વ. 23), પુત્ર વેદ (ઉં.વ.4) અને કાકી ઉષાબેન (ઉં.વ.60) સાથે ડોલવણ તાલુકાના પાટી ગામે જાનમાં ગયા હતા. સાંજના સમયે જ્યારે આ પરિવાર પોતાની મોટરસાયકલ (GJ-19-AK-6408) પર પરત ફરી રહ્યો હતો, ત્યારે વલવાડા-ભોરીયા રોડ પર કાળમુખી કારે તેમને

અનુસંધાન પાના ૫ પર

### એક લાશ 15 ફૂટ ઊંચે ઇંટના ભઠ્ઠા પરથી મળી



વલવાડા ભોરિયા રસ્તા પર થયેલ અકસ્માત એટલો ગંભીર રહ્યો કે અકસ્માતનો ભોગ બનેલી મહિલા બાજુમાં આવેલા અંદાજે ૧૫ ફૂટ ઊંચા ઇંટના ભઠ્ઠા પર ફંગોળાઈ ગઈ હતી, ઘટનાનું દ્રશ્ય એટલું ભયાનક હતું કે સ્થળ પર હાજર લોકોમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ હતી અને જોનારાઓ દંગ રહી ગયા હતા.

### ઘટના બાદ વાતાવરણ તંગ

ઘટના બાદ વાતાવરણ એટલું તંગ બની ગયું હતું કે સ્થાનિકોમાં ગુસ્સો આસમાને પહોંચી ગયો હતો, પોલીસનો કાફલો ઘટનાસ્થળે હાજર હોવા છતાં લોકોએ અકસ્માત સર્જનાર કાર હટાવવા દેવી નહોતી અને ભારે હોબાળો મચ્યો

# રાંદેરના વિધર્મીએ વૃદ્ધોને સાંકળથી બાંધી ફટકાર્યા

**બંને** વૃદ્ધ છૂટવા માટે આજીજી કરતાં રહ્યાં અને ઇમરાન ટપલી મારી ગાળ આપતો રહ્યો

સુરતઃરાંદેર વિસ્તારમાં માનવતાને શર્મસાર કરતી એક ઘટના પ્રકાશમાં આવી છે. રાંદેર બસ સ્ટેશન પાસે આવેલા એક ટી સેન્ટરની બાજુમાં બે આધેડોને લોખંડના પોલ સાથે સાંકળ વડે બાંધી દઈ, તેઓની મશ્કરી કરી માર મારતો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. આ મામલે ભોગ બનનારના પુત્રએ ઈમરાન નામના શખ્સ અને તેના સાગરીતો વિરુદ્ધ રાંદેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાંદેર હનુમાન ટેકરી વિસ્તારમાં રહેતા અને માછીમારીનો વ્યવસાય કરતા જયેશભાઈ હરીભાઈ સેલરે ફરિયાદ માં જણાવ્યું છે કે,ગત તા. ૧૪ એપ્રિલના રોજ સવારના ૧૦:૩૦ થી ૧૨:૦૦ વાગ્યાના અરસામાં તેમના પિતા હરીભાઈ નટવરભાઈ સેલર (ઉ.વ. ૬૪) રાંદેર બસ સ્ટેશન પાસે રોશની ટી સેન્ટર ખાતે ચા પીવા ગયા હતા. તે સમયે ઈમરાન અને અન્ય અજાણ્યા શખ્સોએ તેમને તથા તેમના મિત્ર રમેશભાઈને

અનુસંધાન પાના ૫ પર

# ડાંગ અને કપરાડામાં માવઠાથી ખેડૂતોમાં ચિંતા

**કેરી** સહિત ઉનાળુ શાકભાજી, ફળફળાદી અને કઠોળના પાકને અસર થવાની ભીતિ


સાપુતારા, કપરાડા : ડાંગ જિલ્લામાં રવિવારે વહેલી સવારથી જ વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. આહવા સહિત ગિરિમથક સાપુતારા, સુબીર, વઘઈ તેમજ અંતરિયાળ ગામોમાં આકાશ વાદળછાયું સર્જાયું હતું. બપોર બાદ જિલ્લાના અમુક વિસ્તારોમાં ગાજવીજ સાથે ક્યાંક ઝરમર તો ક્યાંક છાંટા પડતાં વાતાવરણમાં તાજગી પ્રસરી ગઈ હતી. આ ઉપરાંત કપરાડા તાલુકામાં રવિવારે સવારે વાતાવરણમાં આવેલા અચાનક પલટા સાથે વીજળીના ચમકારા અને વાદળોના ગડગડાટ સાથે ઝરમર વરસાદ વરસ્યો હતો. જેને લઈ વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ હતી.

છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાતી કાળઝાળ ગરમી વચ્ચે આ બદલાવને કારણે લોકોને આંશિક રાહત મળી છે. વાદળછાયા આકાશ અને ઠંડકભર્યા પવનને કારણે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે, જેના પરિણામે ડાંગના જનજીવનમાં હળવાશ અનુભવાઈ રહી છે. પરંતુ આ બદલાયેલા વાતાવરણને કારણે ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. હાલ જિલ્લામાં કેરી સહિત ઉનાળુ શાકભાજી, ફળફળાદી અને કઠોળનો પાક તૈયાર થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં કમોસમી વરસાદ અને વાદળછાયું વાતાવરણ પાકને નુકસાન પહોંચાડી શકે છે તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે. જો આગામી દિવસોમાં માવઠું વધુ પ્રમાણમાં રહેશે તો ખેડૂતોને આર્થિક નુકસાન સહન કરવું પડી શકે છે.

બીજી તરફ રાજ્યના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે આ બદલાયેલા વાતાવરણની સકારાત્મક અસર જોવા મળી રહી છે. વાદળછાયા માહોલ અને હળવા વરસાદને કારણે અહીંનું પ્રાકૃતિક સૌંદર્ય વધુ નીખરી ઊઠ્યું છે, જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ઠંડકભર્યા અને આહલાદક વાતાવરણને કારણે સહેલાણીઓમાં આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. હાલ સમગ્ર જિલ્લામાં સૂર્ય વાદળોની પાછળ ઢંકાયેલો રહેતાં તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. જો કે, આ ઋતુચક્રનો અચાનક બદલાવ ખેતી માટે પડકારજનક સાબિત થઈ

અનુસંધાન પાના ૫ પર


દશા શ્રીમાળી વણિક અવસાન



જય શ્રી કૃષ્ણ
દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પૂજનીય શ્રી હરેન્દ્ર ચંપકલાલ સૈરૈયા નું શનિવાર, તારીખ ૧૮/૦૪/૨૦૨૬ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. "શતાબ્દીની આ સફર પૂર્ણ કરી, આપ પ્રભુના ચરણોમાં વિરામ પામ્યા છો" સદ્‌ગતની પ્રાર્થના સભાની વિગત નીચે મુજબ છેઃ
સમય : સોમવાર, ૨૦-એપ્રિલ, સાંજે ૫-૭
સ્થળ : G ફ્લોર, લાયન્સ ક્લબ હોલ, લાલજી નગર, અડાજણ, સુરત.
શોકાતુરઃ
સ્વ. વીણા હરેન્દ્ર સૈરૈયા સ્વ. ડો. નીતિન - ગીતા સૈરૈયા
દિવ્યા હરેન્દ્ર સૈરૈયા અંબરીશ - ભાવના સૈરૈયા
કમલ - સ્વાતિ સૈરૈયા
તથા સમસ્ત સૈરૈયા પરિવાર
સ્વ. હરેન્દ્ર ચંપકલાલ સૈરૈયા
સ્વ. તા. ૧૮/૦૪/૨૦૨૬

તૃતિય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સદ્‌ગત વિમળાબહેન શ્રીવાસભાઈ ઘીવાળા
જન્મ : તા.૨૮/૦૧/૧૯૪૨ – દેહવિલય : ૨૦/૦૪/૨૦૨૩
લિ.
શ્રીવાસ ભૂખણદાસ ઘીવાળા
ધીમંત શ્રીવાસ ઘીવાળા – આરતી ધીમંત ઘીવાળા – વરુણ ધીમંત ઘીવાળા
પૂજા વરૂણ ઘીવાળા – શ્રેય ધીમંત ઘીવાળા – હેતા શ્રેય ઘીવાળા
દીપા જિતેન્દ્ર શાહ – જિતેન્દ્ર હીરાલાલ શાહ – સિદ્ધાર્થ જિતેન્દ્ર શાહ – આયુષી સિદ્ધાર્થ શાહ
સ્વસ્તિક ઓઈલ કંપની | સાકાર કોર્પોરેશન | કેમીગ એજન્સીઝ

સ્નેહભરી યાદમાં પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. અ.સૌ. ભારતીબેન વિનોદભાઈ પટેલ
સ્વ.તા. ૨૦/૦૪/૨૦૨૫
અમારી પ્રિય માતાશ્રીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે,
અમે તેમને અવિસ્મરણીય પ્રેમ અને આદર સાથે યાદ કરીએ છીએ.
એક વર્ષ વીતી ગયું છે, છતાં તમારો સ્નેહ, આશીર્વાદ અને માર્ગદર્શન આજે
પણ અમારા જીવનમાં જીવંત છે. તમે અમારા પરિવારનું હૃદય હતા,
અને તમારી મમતા અને સંસ્કાર અમારું સૌથી મોટું ધન છે.
તમારી ખોટ અમને દરેક ક્ષણે અનુભવે છે પણ તમે આપેલી યાદો અમને સદાય પ્રેરણા આપે છે.
આ દિવસે અમે તમારી આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ
અને પ્રેમપૂર્વક તમને સ્મરીએ છીએ.
લિ.
હેતલ શાંતિલાલભાઈ પટેલ
શૌર્યતા હેતલ પટેલ
ધનીન હેતલ પટેલ
ધ્યાન્સ હેતલ પટેલ

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી



સ્વ. જયાબેન ડાહ્યાભાઈ પટેલ
સ્વ. તા. ૨૦/૦૪/૨૦૨૧
જેનો સ્મીતભર્યો ચહેરો જે દ્રસ્ટિમાંથી ભુલાય નહી. જેનું માતૃવાત્સલ વ્યકતિત્વ કયારેય વિસરાય નહી.જેનું સ્નેહનું સરોવર પરિવાર માટે કયારેય સુકાય નહી. એવા ધર્મનિષ્ઠ સ્વ. જયાબેનના દિવ્ય આત્માને અંબામાં શાંતિ અર્પે એજ અમારી હાર્દિક પ્રાર્થના.
-:: લિ. શોકાતુર - ડાહ્યાભાઈ કેશવભાઈ પટેલ
મુ.પો. માસમા, તા. ઓલપાડ. મો. ૯૮૭૯૦ ૭૦૫૨૨
હાલનું સરનામુંઃ ૨૫,૨૬,૨૭, પરિબ્રહ્મા સોસાયટી વિભાગ-૨, તાડવાડી, સુરત.
સ્વ. ગણપતભાઈ કેશવભાઈ પટેલ શાંતાબેન ગણપતભાઈ પટેલ
નરોત્તમભાઈ કેશવભાઈ પટેલ સ્વ. ભાનુબેન નરોત્તમભાઈ પટેલ
ઠાકોરભાઈ કેશવભાઈ પટેલ નર્મદાબેન ઠાકોરભાઈ પટેલ
મનોજભાઈ ડાહ્યાભાઈ પટેલ નયનાબેન મનોજભાઈ પટેલ
રશ્મિબેન જગદીશભાઈ પટેલ (પુત્રી) જગદીશભાઈ બાલુભાઈ પટેલ (જમાઈ)
દિવ્યાબેન જયેશભાઈ પટેલ (પુત્રી) જયેશભાઈ મણીલાલ પટેલ (જમાઈ)

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



ફૂલની ફોરમની જેમ આપની યાદો હમેશાં અમારા હૃદયમાં મહેકતી રહેશે. આપનો પ્રેમાળ સ્વભાવ- લોક સેવાની ભાવના સતત લોકહિતાર્થે જોડાયેલું આપનું વિશાળ હૃદય અમો સૌ માટે ચિર સ્મરણીય અને પ્રેરણાદાયી બની રહેશે. આપના દિવ્ય આત્માને પ્રભુનાં ચરણોમાં સ્થાન મળે એવી વિભૂ વંદના.
શોકાતુર
ગં.સ્વ. ગંગાબેન ભીખુભાઈ રાઠોડ
નિલેશ બી. રાઠોડ (પુત્ર)
પુષ્પા એન. રાઠોડ (પુત્રવધૂ)
સેજલ કે. સુરતી (પુત્રી)
કપિલ કે. સુરતી (જમાઈ)
કાવ્યા - નીવ - જહાન
સ્વ. ભીખુભાઈ વલ્લભભાઈ રાઠોડ
જન્મ તા.: ૧૨/૦૯/૧૯૫૦
સ્વ. તા.: ૨૦/૦૪/૨૦૨૪

પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જીંદગી મળવી એ નસીબ છે. મૃત્યુ એ જીવનનું સત્ય છે.
મૃત્યુ પછી પણ સૌના જીવનમાં જીવતા રહેવું એ જીંદગીમાં
કરેલા કર્મનું પરિણામ છે. મરણ કરતા સ્મરણ બળવાન છે.
અમારા માટે આપનું સ્મરણ એક વરદાન છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના.
લિ.
નરેશભાઈ ગોપાળભાઈ પટેલ | જયંતભાઈ ગોપાળભાઈ પટેલ
મહેશભાઈ ગોપાળભાઈ પટેલ | રમીલાબેન ગોપાળભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર તરફથી
સ્વ. ગોપાળભાઈ મંછાભાઈ પટેલ
સ્વ.તા. ૨૦/૦૪/૨૦૨૧

૨૪મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



તૂટયું આભ, ફાટી ધરતી, કાળની આ તે, કેવી ગતિ?
આમ સર્વ લૂંટાઈ ગયું, કોને કહેવી આપવીતી?
ભર બપોરે સૂરજ આથમી ગયો, તે જોઈ સમય પણ ખળભળી ગયો
સૂર્ય જેવુ તેજસ્વી જીવન, અચાનક ખરતા તારાની જેમ ખરી પડયો,
સુની થઈ ગઈ મનની દિવાલો, સુના થઈ ગયા ઘરના આંગણીયા,
કલ્પી ન શકાય તેવી તમારી અણધારી વિદાય, સૈના કાળજા
કંપાવી ગયા... એમના હસતા ચહેરાએ ન કોઈ નું દિલ દુખવ્યું
મનની સરળતાથી સૌને પ્રેમ ચુકવ્યું,
ઊડી ગયા પ્રાણ ફરી જન્મ લો એજ પ્રાર્થના..
પ્રભુ આપના આત્મા ને શાંતિ આપે એવી સહૃદયથી પ્રાર્થના.
લિ.
જગજીવનભાઈ રેવાભાઈ પટેલ
ભગવતીભાઈ રેવાભાઈ પટેલ
જીવણભાઈ રેવાભાઈ પટેલ
પાલીબેન નટવરભાઈ પટેલ
પ્રજ્ઞેશ (પુત્ર) ઉમાંગી (પુત્રવધુ)
કાશ્મીરા (પુત્રી) બિંદુ (પુત્રી)
કિષ્ના, મહેક, મોહીન, શ્રેયા, કેયાન
તથા સહ પરિવાર
સ્વ.નટવરભાઈ રેવાભાઈ પટેલ
(નટુભાઈ કોસાડી)
સ્વ.તા.૨૦/૦૪/૨૦૦૨
કોસાડ